# વારંવાર પૂછાતા પ્રશ્નો

## પે-ચેક પ્રોટેક્શન પ્રોગ્રામ (PPP)માં આસ્થા આધારિત સંગઠનોની ભાગીદારી સંબંધિત અને ઇકોનોમિક ઇન્જરી ડિઝાસ્ટર લોન પ્રોગ્રામ (EIDL)

**1. શું પ્રાર્થના ગૃહો સહિત આસ્થા આધારિત સંગઠનો PPP અને EIDL કાર્યક્રમ હેઠળ SBA લોન્સ મેળવવા માટે લાયક છે?**

હા, અને અમે વધુમાં સ્પષ્ટતા કરીએ છીએ કે આસ્થા આધારિત સંગઠનો, ચાહે તેઓ ધર્મનિરપેક્ષ સામાજિક સેવા ઉપલબ્ધ કરાવતા હોય કે નહીં પણ તેઓ SBA લોન્સ મેળવવા માટે લાયક છે. એટલે કે, કોઇપણ સંગઠન તેમની ધાર્મિક પ્રકૃતિ, ધાર્મિક ઓળખ, અથવા સંગઠનના ધાર્મિક વ્યાખ્યાનને કારણે લોન મેળવવા માટે ગેરલાયક નહીં ઠરે. કેટલાક ચોક્કસ SBA નિયમો માં જરૂરિયાતો - 13 C.F.R. §§ 120.110(k) અને 123.301(g) – અનિશ્ચિતપણે કેટલાક ધાર્મિક એકમોને બાકાત રાખે છે. કારણ કે તે નિયમો સંભવિત પ્રાપ્તકર્તાઓના જૂથની ભાગીદારીને તેમના ધાર્મિક દરજ્જાને આધારે પ્રતિબંધિત કરે છે, જેથી SBA આ પેટાકલમો લાગુ કરવાનો ઇનકાર કરશે અને તે નિયમોને બંધારણ મારફત પાલન હેતું સુધારા પ્રસ્તાવિત કરશે. અલબત 13 C.F.R. § 120.110(a)માં જણાવાયું છે કે નોનપ્રોફિટ એકમો SBA બિઝનેસ લોન (જેમાં PPP કાર્યક્રમ સામેલ છે) માટે લાયક નથી, CARES કાયદો સ્પષ્ટ રીતે નોનપ્રોફિટ એકમોને PPP કાર્યક્રમ માટે લાયક બનાવે છે અને તે નોનપ્રોફિટ એકમ ધર્મનિરપેક્ષ સામાજીક સેવા ઉપલબ્ધ કરાવે છે કે નહીં તેને ધ્યાનમાં લીધા વિના તેમને લાયક બનાવે છે.

**2. આસ્થા આધારિત સંગઠનો, તેઓ પોતાને મળનાર PPP અને EIDL લોનનો કેવી રીતે ઉપયોગ કરી શકે તે મુદ્દે કોઇ મર્યાદાઓ છે?**

માત્ર તે મર્યાદાઓ જે આ લોન લેનારા અન્ય લોકોને લાગુ પડે છે (જેમ કે લોનની માફીમાં નોન-પેરોલ ખર્ચમાં લોનધારકને મળેલી કુલ રકમના મહત્તમ 25% આવરી લેવાશે). PPP અને EIDL લોન કાર્યક્રમો તટસ્થ છે અ સામાન્ય રીતે તે એવા લોન કાર્યક્રમને લાગું પડે છે જે નોન પ્રોફિટ સંગઠનોને સમર્થન આપે ચાહે તે સંગઠન ધાર્મિક હોય કે પછી ધર્મનિરપેક્ષ. CARES કાયદાએ COVID-19 જાહેર આરોગ્ય

ઇમરજન્સીને કારણે સર્જાયેલા આર્થિક સંકટ સામે કાર્યવાહીના ભાગરૂપે આ કાર્યક્રમોને ભંડોળ ઉપલબ્ધ કરાવ્યું છે. આ સંજોગો હેઠળ, એસ્ટાબ્લિશમેન્ટ ક્લોસ, આસ્થા આધારિત સંગંઠનો તેઓને PPP અથવા EIDL લોન કાર્યક્રમ હેઠળ મળેલી લોનનો કેવી રીતે ઉપયોગ કરે છે તે અંગે વધારાની કોઇ શરતો મુકતા નથી. જુઓ, દા.ત., *ઐતિસાહિક રીતે અશ્વેત કોલેજો અને યુનિવર્સિટીઓ માટે નાણાકીય ધિરાણ સામે ધાર્મિક નિયંત્રણ*, 43 Op. O.L.C., *7–15 (Aug. 15, 2019); *સિએટલ હિબ્રૂ એકેડમીને ડિઝાસ્ટર આસિસ્ટન્સ ઉપલબ્ધ કરાવવાની FEMA સત્તામંડળ*, 26 Op. O.L.C. 114, 122–32 (2002). વધુમાં, CARES કાયદો આસ્થા આધારિત સંગંઠનો પર વિશેષ બોજ અથવા મર્યાદાઓ નથી લાદતો. ખાસ કરીને, કાર્યક્રમ હેઠળ અપાતી લોનનો સંસ્થાનના ધાર્મિક મિશનના મંત્રીઓ અને અન્ય સ્ટાફનો પગાર ચુકવવા માટે ઉપયોગ કરી શકાય છે.

### 3. જો ચર્ચિસને IRS દ્વારા કર-મુક્તિના દરજ્જા સંબંધિત માહિતી ન અપાઇ હોય તો તેઓ કઇ રીતે લાયક સાબિત થશે? શું સંગઠનોએ કરમુક્તિ ધરાવતા હોવાનો દરજ્જો મેળવવા માટે અરજી કરીને તે દરજ્જો મેળવવાનો રહેશે અથવા તો લાયક બનવા માટે માત્ર 501(c)(3) દરજ્જા માટેની જરૂરિયાતો પૂરી કરવાની રહેશે?

ચર્ચિસ (મંદિર, મસ્જિદ, સિનેગોગ, અને અન્ય પ્રાર્થના ગૃહો સહિત), ચર્ચોના એકીકૃત સહાયકો, અને ચર્ચોના સંઘો અને સભાઓ PPP અને EIDL લોન મેળવવા માટે ત્યાં સુધી લાયક છે જ્યાં સુધી તેઓ ઇન્ટરનલ રેવેન્યૂ કોડની કલમ 501(c)(3)હેઠળની તમામ જરૂરિયાતો, તેમજ PPP અને EIDLની તમામ અન્ય જરૂરિયાતોને પૂરી કરતા હોય. આવા સંગઠનોએ કર મુક્તિનો દરજ્જો પ્રાપ્ત કરવા માટે IRS સમક્ષ અરજી કરવાની જરૂર નથી. 26 U.S.C. § 508(c)(1)(A) જુઓ.

### 4. જો હું લોન માટે વિનંતી કરીને લોન પ્રાપ્ત કરું તો શું મારું સંગઠન પોતાની સ્વાયત્તતા ગુમાવશે અથવા તો શું પોતાનો પહેલો સુધારો કે કાનૂની અધિકારો ગુમાવશે?

ના. કોઇપણ SBA કાર્યક્રમ મારફત લોન મેળવવાથી (1) ધાર્મિક સંગઠનોની માપદંડો, જવાબદારીઓ, અને સભ્યપદની ફરજોને વ્યાખ્યાઇત કરવાની સત્તા મર્યાદિત થતી નથી; (2) ન તો તેનાથી ધાર્મિક સંગઠનોની સંસ્થાની ધાર્મિક પ્રવૃત્તિઓ સંબંધિત કાર્યો સાથે જોડાયેલા કામો માટે વ્યક્તિની પસંદગી

કરવાની સ્વતંત્રતા મર્યાદિત થતી નથી;(3) ન તો તેનાથી, ધાર્મિક સ્વાયત્તતાના સંરક્ષણનો અધિકાર અને રિલિજિયસ ફ્રિડમ રેસ્ટોરેશન એક્ટ, 1993(RFRA), 42 U.S.C. § 2000b et seq.,સિવિલ રાઇટ્સ એક્ટ, 1964ની કલમ 702, , પહેલા સુધારાનો42 U.S.C. § 2000e-1(a) સહિત સંઘીય કાયદાઓ હેઠળ કોઇપણ અધિકાર તેમણે જતા કરવા પડે તેમ નથી.

સરળ રીતે કહીએ તો, આસ્થા આધારિત સંગઠન, જે લોન મેળવે, તે પોતાની સ્વતંત્રતા, સ્વાયત્તતા, અભિવ્યક્તિ, ધાર્મિક ચરિત્રનો અધિકાર અને તેના સંચાલનની સત્તાનો અધિકાર વગેરે જાળવી રાખશે અને કોઇપણ આસ્થા આધારિત સંગઠનને ભંડોળ મેળવવાથી બાકાત નહીં રાખી શકાય કારણ કે તેનું નેતૃત્વ, સભ્યપદ અથવા તેમાં સંગઠન દ્વારા અપાતો રોજગાર માત્ર તેવા લોકોને અપાય છે જેઓ તેના ધાર્મિક શ્રદ્ધા અને પ્રથાનું પાલન કરે છે.

### 5. આ સંઘીય નાણાકીય સહાયતા લેવાના પરિણામે કઇ કાનૂની જરૂરિયાતો મારા સંગઠન પર લાદવામાં આવશે? શું તે જરૂરિયાતો ત્યારે પણ લાગું મનાશે કે રહેશે જ્યારે લોનની સંપૂર્ણ ભરપાઇ કરી દેવાઇ હોય કે પછી તેને માફ કરી દેવામાં આવી હોય?

કોઇપણ SBA કાર્યક્રમ હેઠળ લોનની પ્રાપ્તીએ સંઘીય નાણાકીય સહાયતા મનાય છે અને તેની સાથે તેના ઉપયોગને લગતી કેટલીક ભેદભાવરહિત જવાબદારીઓ પણ આવે છે. આ લોન મેળવવા પર તમારા માથે આવતી કોઇપણ કાનૂની ફરજ કાયમી નહીં રહે, અને એક વાર લોન ચુકવી દેવાય અથવા તેને માફ કરી દેવાય, તે બાદ તે ભેદભાવ વિનાની ફરજો લાગું પડવી બંધ થઇ જશે.

કેટલાક સંઘીય ભેદભાવવિનાના કાયદાઓ અનુસાર, SBA નિયમોમાં પણ કહેવાયું છે કે લોન મેળવનાર જાતિ, રંગ, ધર્મ, લિંગ, વિકલાંગતા, વય, અથવા રાષ્ટ્રીયતાના આધારે સામાન, સેવાઓ અથવા રહેઠાણના સંબંધમાં ભેદભાવ નહીં કરે. 13 C.F.R. § 113.3(a). પરંતું SBA નિયમો આ પણ સ્પષ્ટ કરે છે કે આ ભેદભાવ વિનાની જરૂરિયાતો ધાર્મિક પ્રવૃત્તિઓના પાલનની સાથે સંબંધિત રોજગાર નિર્ણયો અથવા સભ્યપદના સંબંધમાં, આસ્થા આધારિત એકમની સ્વાયત્તતાને મર્યાદિત કરતી નથી. 13 CFR § 113.3-1(h). અને જેમ ઉપર પ્રશ્ન 4માં ચર્ચા કરાઇ છે તેમ, SBA બંધારણ અને સંઘીય કાયદાઓ, જેમાં ફેરફાર કરાયા નથી અથવા સંઘીય નાણાકીય સહાયતા મેળવવા પર જતા કરાય છે, તે સિવાય પ્રદત વિવિધ સંરક્ષણોને માન્યતા આપે છે.

તેથી SBA સ્પષ્ટતા કરે છે કે આ લોન પ્રાપ્તકર્તાઓ દ્વારા સામાન્ય રીતે જનતાને ઉપલબ્ધ કરાવાતા સામાન, સેવા, અથવા રહેઠાણના સંબંધમાં લાગું પડે છે, પણ આસ્થા આધારિત સંગઠનોના મંત્રાલયની પોતાના આસ્થા આધારિત સમુદાયની ગતિવિધિઓને લાગું પડતી નથી. ઉદાહરણ તરીકે, SBAના નિયમો હેઠળ આસ્થા આધારિત સંગઠન જે રેસ્ટોરા કે થ્રિફ્ટ સ્ટોર જે સર્વ સામાન્ય જનતા માટે ખુલ્લા છે તે જનતાને ઉપર સૂચીબદ્ધ સંરક્ષિત લક્ષણો વિના જનતાની સેવા કરે તે જરૂરી છે. પરંતું SBA ના નિયમો આસ્થા આધારિત સંગઠનોની પોતાના સભ્યો અથવા ધર્મના સહઅનુયાયોને જ ભોજન કે વસ્ત્રો વહેંચવાની ક્ષમતાને મર્યાદિત કરવા માટે લાગું થતા નથી. નિશ્ચિત રીતે, SBA પોતાના નિયમોને ભેદભાવપૂર્ણ રીતે લાગું નહીં કરે જેનાથી આસ્થા આધારિત લોન મેળવનારની ધરામિક પ્રવૃતિઓ પર બોજ પડે, જેમ કે તે નિયમોને ચર્ચના વટહુકમ, સંસ્કાર, અથવા ધાર્મિક પ્રવૃતિઓને લાગું કરવા, જ્યાં સુધી આ પ્રકારે લાગું કરવાની પ્રવૃતિ સરકારી હિતોને આગળ વધારવા માટેનું પ્રતિબંધક માધ્યમ હોય. કોંગ્રેસે CARES કાયદો અમેરિકન જનતા જે COVID-19 જાહેર આરોગ્ય ઇમરજન્સી સામે પ્રતિભાવને કારણે પેદા થનારી આર્થિક કઠણાઇઓને કારણે પોતાની નોકરી કે બિઝનેસ ગુમાવે તેમને રાહત આપવા માટે ઘડયો હતો, અને SBA વ્યાપક રીતે સહાયતા ઉપલબ્ધ કરાવીને તે આદેશને પૂર્ણ કરવાની જવાબદારી ધરાવે છે.

### 6. શું મારું આસ્થા આધારિત સંગઠન અન્ય આસ્થા આધારિત સંગઠનો જેવા કે સ્થાનિક ડાયોસિસ સાથે જોડાયેલું હોવાને કારણે કોઇપણ SBA લોન કાર્યક્રમ માટે ગેરલાયક ઠરશે?

ના, જરૂરી નથી. SBA નિયમો હેઠળ, એકમો વચ્ચે સામાન્ય માલિકી, સામાન્ય મેનેજમેન્ટ, અથવા હિતની ઓળખ સહિત વિવિધ રીતે જોડાણ થઇ શકે છે. 13 C.F.R. §§ 121.103 અને 121.301. આ નિયમો PPP લોન્સ માટે અરજી કરનાર અરજદારોને લાગું પડે છે. (તે સાથે જ EIDL કાર્યક્રમને પણ લાગું પડે છે જ્યારે લોનની કેટલીક શરતોને નક્કી કરાતી હોય, અલબત સંલગ્ન સંસ્થાઓના કર્મચારીઓની સંખ્યાને એકઠી કરવાથી EIDL લોન માટેની લાયકાતને અસર થતી નથી.) કેટલાંક આસ્થા આધારિત સંગઠનો લાગુ પડતા જોડાણ સંબંધિત નિયમો હેઠળ અન્ય એકમો સાથે "એફિલિટેડ" તરીકે ક્વોલિફાય થઇ શકે છે. SBA ના જોડાણ સંબંધિત નિયમો હેઠળ એફિલિએટેડ હોય તેવા એકમોએ પોતાના કર્મચારીઓની સંખ્યાને તેઓ 500 અથવા તેના કરતા ઓછા કર્મચારી ધરાવે છે કે નહીં તે નિર્ણય કરવા માટે સામેલ કરવા જ પડશે.

પરંતુ નિયમો બંધારણીય ને કાનૂની ધાર્મિક સ્વતંત્રતા સંરક્ષણને અનુરૂપ લાગું પાડવાના રહશે. જો તમારા સંગઠન અને અન્ય એકમ વચ્ચેનું સંપર્ક જોડાણ સર્જે જે ધાર્મિક શીખ અથવા માન્યતા પર આદારિત હોય અથવા તો તે ધાર્મિક પ્રથાના પાલનનો હિસ્સો હોય, તો તમારું સંગઠન જોડાણના નિયમોથી મુક્તિ માટે લાયક બને છે. ઉદાહરણ તરીકે, જો તમારા આસ્થા આધારિત સંગઠનનું અન્ય સંગઠન સાથે જોડાણ તમારા સંગઠનની ચર્ચાની સત્તા અથવા આંતરિક બંધારણ સંબંધિત ધાર્મિક માન્યતાઓ, અથવા કાનૂની, નાણાકીય અથવા તમારા સંગઠન અને અન્ય સંગઠનો વચ્ચેના માળખાકીય સંબંધોને કારણે હોય અને તે આવી માન્યતાઓને અભિવ્યક્ત કરે તો, તમારું સંગઠન મુક્તિ માટે લાયક બનશે. જોકે, જો, તમારું આસ્થા આધારિત સંગઠન અન્ય સંગઠનો સાથે વિશુદ્ધ રીતે બિન-ધાર્મિક કારણો સાથે જોડાયું હોય, જેમ કે વહીવટી સરળતા, તો પછી તમારા સંગઠન પર જોડાણના નિયમો લાગું પડશે. SBA આ અપવાદ લાગુ પડે છે તેવી આસ્થા આધારિત સંસ્થાઓના સદભાવનાને લગતા નિર્ણયોની યોગ્યતાનું મૂલ્યાંકન કરશે નહીં, અને તેમાં ભાગ લેનારા ધિરાણદારોને પણ મૂલ્યાંકનની મંજૂરી નહીં આપે.

### 7. શું મારા આસ્થા આધારિત સંગઠને આ મુક્તિ માટે અરજી કરવાની જરૂર છે અથવા તેની ધાર્મિક માન્યતા અથવા પ્રથાઓને લગતા દસ્તાવેજો આ જોડાણમાંથી મુક્તિ માટે સામેલ કરવા જરૂરી છે?

આ મુક્તિનો ફાયદો મેળવવા માટે કોઇ ચોક્કસ પ્રક્રિયા અથવા વિગતવાર ફાઇલિંગ જરૂરી નથી. જો તમે માનતા હો કે તમારું સંગઠન આ જોડાણ કે એફિલિએશન નિયમોમાંથી મુક્તિ માટે લાયક છે, તો તમારે તમારી લોન અરજીની સાથે તેનું વર્ણન કરતી અલગ શીટ જોડવાની રહેશે. આ શીટને પરિશિષ્ટ A તરીકે ઓળખાશે, અન્ય સંગઠનો જેની સાથે તમારું સંગઠન જોડાયેલું છે તેમના વિશે અન્ય વધારે લિસ્ટિંગ, અથવા આ સંગઠનો સાથે તમારા સંબંધો વિશે વધારે વિવરણની જરૂર નથી. તમારે તમારી ધાર્મિક માન્યતાનું વર્ણન કરવાની જરૂર નથી.

નમુના માટેનું ‘‘પરિશિષ્ટ A’’ આ દસ્તાવેજની સાથે જોડેલું છે, પણ તમારે તમારું પોતાનું લખવાનું પસંદ કરી શકો છો. તમારું નિવેદન એકદમ સરળ હોઇ શકે છે.

**8. હું ક્યાંથી જાણી શકું કે મારું સંગઠન SBA ના સાઇઠ સ્ટાન્ડર્ડ ટેબલમાં ફીટ બેસે છે? મારું સંગઠનએ નાનો બિઝનેસ છે અને તે PPP કાર્યક્રમમાં ભાગ લેવા માટે લાયક છે તે જાણવા માટે શું હું ટેબલનો ઉપયોગ કરી શકું છું?**

SBA સાઇઝ સ્ટાન્ડર્ડ્સને 13 CFR § 121.201 પર જોઇ શકાય છે. CARES કાયદા હેઠળ, એક નોન-પ્રોફિટ સંગઠન નાના સંગઠન તરીકે ક્વોલિફાય થાય છે, અને તે સહાયતા માટે લાયક છે, જો (1) તેની પાસે 500 કરતા વધારે કર્મચારીઓ નથી અથવા (2) તેના પ્રાથમિક ઉદ્યોગ સાથે જોડાયેલ NAICS કોડ ઉંચો કર્મચારી- આધારિત સાઇઝ સ્ટાન્ડર્ડ ધરાવે. કેટલાંક ઉદ્યોગોને – “ધાર્મિક સંગઠનો” સહિત – હાલ સાઇઝ સ્ટાન્ડર્ડ ટેબલમાં કર્મચારી-આધારિત સ્ટાન્ડર્ડ કેપ્સના સ્થાને વાર્ષિક પ્રાપ્તી પર નાણાકીય કેપ સાથે સૂચીબદ્ધ કરેલ છે. તેવા નોનપ્રોફિટ સંગઠનો જેમનો પ્રાથમિક ઉદ્યોગ વાર્ષિક પ્રાપ્તિ પર નાણાકીય કેપ, સાઇઝ સ્ટાન્ડર્ડ્સ ટેબલ સાથે સૂચીબદ્ધ છે તેથી તેમનો PPP કાર્યક્રમ હેઠળ લાયકાતને નક્કી કરવા માટે ઉપયોગ ન કરી શકાય. આસ્થા આધારિત નોન પ્રોફિટ સંગઠનો જે પ્રાઇમરી ઉદ્યોગ હેઠળ નથી આવતા અને જે કર્મચારી આધારિત સાઇઝ સ્ટાન્ડર્ડ્સ હેઠળ સૂચીબદ્ધ છે તે 500 કે તેનાથી ઓછા કર્મચારી ધરાવતા હોવા જોઇએ જેથી તેમને નાના ગણી શકાય.

**[નમુનો]**

**પરિશિષ્ટ A**

✓ અરજદાર પે-ચેક પ્રોટેક્શન પ્રોગ્રામ લોનની લાયકાત માટે SBAના લાગુ પડતા તમામ જોડાણ સંબંધિત નિયમોમાંથી મુક્તિ માટે દાવો કરે છે કારણ કે અરજદારે વ્યાજબી, સદભાવનાપૂર્ણ નિર્ણયો લીધા છે જેના કારણે તે અરજદાર 13 C.F.R. હેઠળ ધાર્મિક મુક્તિ માટે લાયક બને છે. 121.103(b)(10),જે કહે છે કે,'' આસ્થા આધારિત સંગઠનના અન્ય સંગઠનો સાથેના સંબંધોને અન્ય સંગઠનો સાથે જોડાણ તરીકે નથી મનાતા... જો સંબંધ ધાર્મિક શીખ અથવા માન્યતા અથવા તો ધર્મના પાલનને લગતી પ્રથાને આધારિત હોય.''